
## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




**રીલેક્ષ થઈ જાવ બાળકો.., તમારે જરાપણ ગભરાવાની જરૂર નથી... પરીક્ષા હોલની બહાર... ત્રણ આર્મડ ફોર્સ, બી.એસ.એફ.ની પી બટાલીયન, સ્ટેટ રીઝર્વ પોલીસ, સ્પે પ્રોટેક્શન ગ્રુપ અને બ્લેક કમાન્ડો સહિત.. ડોક્ટર, સાઈક્રાટીક અને ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ તૈનાત છે...**

# શહેરના 'જ' માર્ગ પરથી લારી-ગલ્લાના દબાણ દુર કરાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્રની દબાણ ટીમ છેલ્લા ઘણા સમયથી લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણ પર ત્રાટકી રહી છે. આજે શહેરના જ માર્ગ પરથી પાંચ જેટલા ગલ્લા, લારી, ઝુંપડા તેમજ રસના કોલાવાળાને પણ ખસેડી દીધા હતા. તંત્રની કામગીરીને પગલે દબાણકારોમાં ભય પ્રસરી જવા પામ્યો છે.ત્યારે સંસ્કૃતિ કુંજ વિસ્તારમાં રાત્રીના સમયે ટ્રાફિકમાં અડચણ રુપ થતા લારી ગલ્લા ધારકોને તંત્ર દ્વારા દુર કરી દેવાતા પોલીસ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

ગાંધીનગર શહેરમાં દબાણ કુદકે અને ભુસકે વધી રહ્યું છે. શહેરમાં રખડતા ઢોર, દબાણ અને ગંદકીનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની જવા પામ્યો છે. ત્યારે દબાણ શહેરના મુખ્ય માર્ગો પરથી સેકટરના આંતરીક માર્ગો સુધી પહોંચી ગયું છે. ત્યારે અત્યારે હાલના સમયે સંસ્કૃતિ કુંજ ખાતે બપોરે ૨ થી રાત્રીના સમય સુધી ભારે નાગરીકોનો ધસારો રહે છે. ત્યારે લારી ગલ્લા ધારકોએ અડીંગો જમાવી દેતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા હતા. આજે મનપાના દબાણ વિભાગના અધિકારી મહેશ મોડ અને તેમની ટીમ જ માર્ગ પર દબાણકર્તાઓ પર ત્રાટકી હતી. શનિવારના રોજ અચાનક ટીમ આવી પહોંચતા લારી ગલ્લાધારકોમાં નાસભાગ મચી જવા પામી હતી. ત્યારે કેટલાક લારીવાળાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. જયારે પાંચ જેટલા લારી ગલ્લા જપ્ત કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે. જયારે રસના કોલા ધરાવતા વેપારીઓ સામે પણ દબાણની ટીમે લાલ આંખ કરતા વેપારીઓમાં ભય વ્યાપી જવા પામ્યો હતો. ગાંધીનગર શહેરમાં દબાણટીમની કામગીરીને પગલે અત્યારના હાલના સમયે દબાણકર્તાઓમાં ભય ફેલાયેલો જોવા મળ્યો છે. ત્યારે આગામી સમયમાં પણ શહેરના વિવિધ સર્કલો અને સેકટરોમાં દબાણટીમ કાર્યરત રહીને કામગીરી કરશે તેમ દબાણ ટીમના વડા મહેશ મોડે જણાવ્યું છે.



# લેકાવાડામાં બંકર બનાવીને સંતાડેલો દારૂ-બિયરનો જથ્થો પકડાયો

## ભેંસોની ગમાણમાં બંકર બનાવી ગાંધીનગરના બુટલેગરોએ મળીને દારૂનો જથ્થો સંતાડ્યો હતો : ગાડીમાં માલ ભરવા ગયાને પાંચ બુટલેગરો ઝડપાયા : ૩.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત : પાંચની ધરપકડ : બે ફરાર





ગાંધીનગર-ચિલોડા રોડ ઉપર આવેલા લેંકાવાડા ગામમાં મીની બંકર બનાવીને ગાંધીનગર આસપાસના બુટલેગરોએ મળીને વિદેશી દારૂ-બિયરનો જથ્થો સંતાડ્યો હતો. આ સ્થળે એક ગાડી દારૂ ભરવા આવી હોવાની બાતમી આધારે ચિલોડા પોલીસે દરોડો પાડીને મીની બંકર સાથે પાંચ બુટલેગરોને પકડી પાડ્યા હતા. રૂ. ૩.૧૬ લાખના મુદ્દામાલ સાથે પાંચની ધરપકડ કરી લઈ દારૂ લાવીને સંતાડનાર બે બુટલેગરોને પકડવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની ટીમને ધુળેટીના દિવસે બાતમી મળી હતી કે લેકાવાડા ગામમાં રહેતા અજય વાઘેલાના ઘરે જીજે.૧. એચડી.૭૫૬ નંબરની એસેન્ટ ગાડી વિદેશી દારૂ ભરવા આવી છે. આ બાતમી આધારે તેમની ટીમે દરોડો પાડી પાંચ શખ્સોને પકડી પાડ્યા હતા. અજય વાઘેલાના ઘર પાછળના ભેંસોની ગમાણમાં ભોયરૂ (મીની બંકર) બનાવી અંદર વિદેશી દારૂ બિયરનો જથ્થો સંતાડેલો હતો. મીની બંકરમાંથી બિયર અને વિદેશી દારૂની કુલ ૩૩૩ નંગ બોટલો મળી આવી હતી. ગાડી, એક્ટીવા, દારૂ-બિયર અને બાઈક તથા ૬ મોબાઈલો મળીને કુલ રૂ. ૩,૧૬,૭૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસે લેકાવાડાના અજય વિક્રમસિંહ વાઘેલા, રોહિત વિક્રમસિંહ વાઘેલા, ફતેપુરા સે. ૧૫ના મહેશ રમેશજી વાઘેલા અને ઉવારસદના વિષ્ણુ જયંતિજી ઠાકોર તથા રાજુ ભોળાજી ઉર્ફે બબાજી ઠાકોર મળી પાંચ શખ્સોને દબોચી લીધા હતા. પાંચેયની ઊંડી પુછતાછમાં બહાર આવ્યું છે કે આ માલ કલોલ ખોરજાપરાના બુટલેગર અરવિંદ ઉર્ફે જોબર શકરાજી ઠાકોર અને લેકાવાડાના રણવિંર કલ્યાણસિંહ વાઘેલા નામના બંને બુટલેગરોએ લાવીને અહી સંતાડ્યો હતો. ચિલોડા પોલીસે બંનેની ધરપકડ કરવા ટીમો દોડતી કરી છે.

# વસંતોત્સવમાં બનારસી સાડીઓના સ્ટોલ્સે શહેરની મહિલાઓમાં આકર્ષણ જમાવ્યું

## હસ્તકળા હાટમાં સ્ટોલ્સની સંખ્યા વધારાતા મહિલાઓ માટે વસંતોત્સવ શોપીંગ ફેસ્ટીવલ બન્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની ઓળખ બની ચુકેલો 'વસંતોત્સવ' મુલાકાતીઓથી ઉભરાઈ રહ્યો છે. અને આ વર્ષે વસંતોત્સવની હસ્તકળા હાટ શહેરની મહિલાઓને ખૂબ આકર્ષી રહી છે. પાટનગરની કાંજીવરમથી માંડીને બનારસી સાડીઓ મુખ્ય છે. બનારસી સાડીઓ આજે પણ મહિલાઓમાં ખુબ લોકપ્રિય છે અને આ વર્ષે ગાંધીનગરના વસંતોત્સવમાં બનારસી કારીગરો દ્વારા હાથેથી બનાવાયેલ બનારસી સાડીઓના સ્ટોલ્સની સંખ્યા વધુ જોવા મળી રહી છે.



મહિલાઓને ઘેલુ લાગવાનું મુખ્ય કારણ છે આ વર્ષે હસ્તકળા હાટમાં વધારવામાં આવેલી સ્ટોલ્સની સંખ્યા અને તેમાં પણ બનારસી સાડીના વિતરકોની મોટી સંખ્યા છે. આ સ્ટોલ્સ પર રૂ. ૫૦૦ થી માંડીને રૂ. ૫ હજાર સુધીની બનારસી સાડીઓ વેચાઈ રહી છે.

સાડી એ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનો મુખ્ય પરિધાન રહ્યો છે અને પસંદગીનું વસ્ત્ર રહ્યું છે. ભારતમાં અનેક પ્રકારની સાડીઓ મળે છે. જેમાં જેના કારણે શહેરની મહિલાઓમાં પ્રસન્નતા જોવા મળે છે. આ સ્ટોલ્સમાં રૂ. ૫૦૦ થી માંડીને રૂ. ૫ હજાર સુધીની અવનવી ડિઝાઈન સાથે વિવિધ રંગોમાં સાડીઓનું વેચાણ થઈ રહ્યું છે જેને ખરીદવા મહિલાઓ રસ દાખવી રહી છે. બનારસી સાડીમાં ગોલ્ડન કલરના હાથેથી કરેલા પેચવર્કને કારણે લગ્ન સમારંભ સહિતના શુભ પ્રસંગોએ પહેરવા માટે મહિલાઓ વધુ પસંદ કરે છે.

# ખોરજના બંધ મકાનમાં તસ્કર ટોળકીનો હાથફેરો

ગાંધીનગર, તા.૩

અડાલજ નજીક આવેલા ખોરજ ગામમાં એક બંધ મકાનમાં રાત્રિ દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો તિજોરી સાફ કરી ગયા હતા. સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને કુલ રૂ. ૧.૨૭ લાખની મત્તાની ચોરી કરી તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. આ મામલે અડાલજ પોલિસે મકાનમાલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

ખોરજ ગામમાં મારૂતિ એપાર્ટમેન્ટની સામે રહેતા નિકુલભાઈ સુખાજી ઝાલા તેમના પરિવાર ાાથે બહારગામ ગયા હતા ત્યારે તેમના બંધ મકાનને રાત્રિ દરમિયાન તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને તસ્કરો મકાનમાં ઘુસ્યા અને અંદર ઘુસી તિજોરીનું લોક તોડી તિજોરીમાંથી રૂ. ૯૬,૮૦૦ની કિંમતના સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૩૦ હજાર મળીને કુલ રૂ. ૧,૨૬,૮૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી તસ્કરો રફફુચક્કર થઈ ગયા હતા. મકાનમાલિક નિકુલભાઈને સવારે ઘરફોડ અંગે જાણ થતા અડાલજ પોલિસને આ મામલે ફરિયાદ આપી હતી. અડાલજ પોલિસ મથકના પીએસઆઈ ચૌહાણે ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરીને ડૉગ સ્કવોર્ડ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમો બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ આરંભી છે.

# ગુજરાત રાજય બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચના તફાવતની રકમ આપવામાં અન્યાય

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય બોર્ડ નિગમ અને સરકારી સાહસોના કર્મચારીઓને સાતમા પગાર પંચના તફાવતની રકમ આપવામાં અન્યાય થયો છે. રાજય સરકારે ગુજરાત સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચની રકમ તબક્કાવાર આપવાનો નિર્ણય કર્યો છે. તેમાં બોર્ડ નિગમના કર્મચારીઓનો સમાવેશ કરવામાં ન આવતા બોર્ડ નિગમ અને સરકારી સાહસોના કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આ અંગે ગુજરાત રાજય બોર્ડ નિગમ કર્મચારી મંડળના પ્રમુખ પ્રવિણ એમ સુતરીયાએ જણાવ્યું છે કે સરકાર દ્વારા ગુજરાત રાજયના કર્મચારીઓને સાતમાં પગાર પંચના તફવતની રકમ ચુકવવાની જાહેરાત કરવામાં આવેલ છે. જેમાં બોર્ડ નિગમના કર્મચારીઓનો સમાવેશ ના કરી અન્યાય કર્યો છે. જેને પગલે કર્મચારી આલમમાં સરકાર પ્રત્યે અસંતોષ જોવા મળી રહ્યો છે. જયારે સાતમા પગાર પંચનો લાભ બોર્ડ નિગમના કર્મચારીઓને આપ્યો છે તેવા સંજોગોમાં જે તફાવતની રકમનું ચુકવણું રાજય સરકારના કર્મચારીઓની સાથે સાથે બોર્ડ નિગમના કર્મચારીઓને કરવામાં આવે તેવી તેઓની લાગણી અને માંગણી છે.

## શહેરમાં મહિલાઓ માટે બૉન-ડેન્સિટી ટેસ્ટનું નિઃશુલ્ક આયોજન

જ્યોતિ મહિલા મંડળ દ્વારા શહેરમાં સેક્ટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્રમાં ૭મી માર્ચે બપોરે ૧.૩૦ કલાકે નગરની બહેનો માટે કેલ્શિયમની ઉણપ પ્રત્યે જાગૃતિ લાવવા માટે બૉન ડેન્સિટી ટેસ્ટનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, જ્યોતિ મહિલા મંડળ દ્વારા આ પ્રસંગે ખાસ લગ્નગીત સ્પર્ધા પણ યોજવામાં આવશે. સ્પર્ધામાં પાંચથી સાત બહેનોના ગ્રુપ દ્વારા લગ્નગીતો ગવડાવવામાં આવશે. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ભાગ લેવા નગરની સ્ત્રીઓને સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ડે.સી.એમ. નીતિનભાઈ પટેલે હરસિધ્ધીના માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી

## મહંતશ્રીનું સોના-ચાંદીની પાઘડીથી સન્માન કરાયું, માતાજીને સુવર્ણ સિંહાસન અર્પણ કરાયું

ગાંધીનગર, તા.૩

વિજાપુર તાલુકાના લાડોલ ગામે આવેલ સુપ્રસિદ્ધ હરિસિધ્ધી શકિતપીઠ લાડોલ માં ૧૩૧માં પાટોત્સવ નિમિતે ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. જેમાં ૧૨૧ કુંડાત્મક દ્વાદશ જયોતિલિંગાત્મક દ્વાદશ અતિરુદ્ર મહાયાગનું આયોજન કરાયું હતું. શિવરાત્રીના રોજથી યજ્ઞનો પ્રારંભ થયો હતો. તા.૪ ના માર્ચને રવિવારના રોજ યજ્ઞની પૂર્ણાહુતી થશે.

આજે લાડોલ ખાતે ચાલી રહેલા મહાયાગમાં ગુજરાત રાજયના ડે.સીએમ નિતિનભાઈ પટેલે હરસિધ્ધી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જયારે મંદિરના મહંત અશ્વિનભાઈ જાનીનું સોના-ચાંદીની પાઘડી પહેરાવી ભકતોએ સન્માન કર્યું હતું. જયારે શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજીની કથા તા.૨૭થી ચાલી રહેલી કથાની આજે પૂર્ણાહુતી થઈ હતી. જયારે ભકતોની ઉપસ્થિતિમાં સવારે ૯ કલાકે સુવર્ણ સિંહાસન અર્પણ વિધી યોજાઈ હતી.



જયારે દાતાઓનું સન્માન તેમજ નગરયાત્રા નીકળી હતી. જેમાં ભકતોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. આ પ્રસંગે માતાજીના પુસ્તકનું વિમોચન તેમજ માતાજીની વેબસાઈટ અને એપ્લીકેશનનું લોકાર્પણ કરાયું હતું. મંદિરલક્ષી વિકાસ સંકલ્પો કરાયા હતા તેમજ રાત્રે ભવ્ય રાસગરબા યોજાયા હતા જેમાં ભકતોએ માતાજીના ગરબા ગાઈને આનંદ સાથે ઉત્સવની ઉજવણી કરી હતી. છેલ્લા ૨૧ દિવસથી લાડોલ ગામમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમને પગલે ભકિતમય વાતાવરણ જોવા મળ્યું છે.





## આર.એન. પટેલ શાળામાં ઈનામ વિતરણ સમારોહ યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ શાળામાં શિયાળુ રમતોત્સવ અને બાલોત્સવમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને નવાજવા માટે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ટાટા બિલ્ડિંગ નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને તથા નવનીત ડ્રોઈંગ કોમ્પીટીશનના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. શાળાના પૂજ્ય દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલોત્સવમાં આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને નવાજવા માટે ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. રમતોત્સવની કુલ ૨૦ રમતોમાંથી પ્રથમ ત્રણ ક્રમે આવેલા કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને ઈનામો તેમજ સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાલોત્સવમાં નૃત્ય, એકપાત્રીય અભિનય, ભજન, રંગોળી, સલાડ, ડેકોરેશન, ફેશન શૉ, ફિલ્મી ગાયનમાં વિજેતાઓ તેમજ શ્રૃતલેખન, સુલેખન, વાંચન, ચિત્ર જેવી પ્રવૃત્તિઓના ઈનામપાત્ર કુલ ૫૪ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. શાળામાં ટાટા બિલ્ડીંગ નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર તથા નવનીત ડ્રોઈંગ કોમ્પીટીશનના કુલ ૨૪ વિજેતા વિદ્યાર્થીઓને નવનીત તરફથી ગીફ્ટ હેમ્પર્સ તેમજ શાળા તરફથી પ્રમાણપત્રો શાળાના આચાર્ય તથા સુપરવાઈઝરના હસ્તે આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યએ તમામ કલાપ્રેમી બાળકોને શુભાશિષ પાઠવ્યા હતા.

## સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માર્ચ માસની બેઠક તા. ૫મી માર્ચના સોમવારના રોજ સાંજે પાંચ વાગે સે-૨માં નમન એપાર્ટમેન્ટ ખાતે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્ર દવેના અધ્યક્ષસ્થાને મળશે તેમાં વર્તમાન પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ-કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ઓફ લાઈન ટેન્ડર નિવિદા નં.૧૦ સને ૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, બી-વીંગ, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા મા. અને મકાન વિભાગ તેમજ સિંચાઈ ખાતામાં / ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડમાં નોંધાયેલા ઠેકેદારો પાસેથી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી અત્રેની કચેરી હસ્તકના એક્શન પ્લાન - ૨૦૧૭-૨૦૧૮ હેઠળ મરામત અને નિભાવણી જી-૨ જુથ પા.પુ. યોજના અંતર્ગત લાભોર હેડ વર્કસ ખાતેના wtp Plantમાં એબ્લોઅર પાઈપ, બેકવોશ પાઈપ, લીએલાઅર પાઈપ, બેકવોશ પાઈપો, ઈએલાઅરના સ્લજ નિકાલની પાઈપ પાઈન અને ફિલ્ટરબેડની બારીઓ પર પ્લાસ્ટિક મેશ લગાડવાની કામગીરીના કામની અંદાજીત કિંમત રૂ. ૪,૯૦,૧૦૮.૬૦ માટે આવા કામો કરતી એજન્સીઓ પાસેથી રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી સીલ્ડ ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો માટે જરૂરી ઈ-૨ વર્ગમાં નોંધણી પ્રમાણપત્ર, પાનકાર્ડ, જીએસટી સર્ટીફિકેટની નકલો અરજી સાથે ટેન્ડર ફી રૂ. ૬૦૦.૦૦ રજૂ કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૨/૩/૨૦૧૮ તથા ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૯/૩/૨૦૧૮ના રોજ રાખવામાં આવે છે. શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. વધુ વિગતો કચેરી સમય દરમિયાન મળી શકશે. ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦.

**માહિતી/૨૮૪૬/૧૭-૧૮**

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ વિજ્ઞાન કોલેજમાં ઉજવાયો

ગાંધીનગર, તા. ૩

સરકારી વિજ્ઞાન કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. કે.જી. છાયાએ પોતાના ઉદ્‌બોધનમાં ડૉ. સર સી.વી. રામનના જીવન અને કાર્ય અંગે રસપ્રદ માહિતી આપી હતી. પ્રો. ડૉ. ભાસ્કર પુંજાણી, શ્રીમતી એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ તલોદ દ્વારા વિજ્ઞાન દ્વારા લાંબા ગાળાનો સુસબદ્ધ વિકાસ પર વ્યાખ્યાન આપેલ હતુ. ઉર્જાની કટોકટીના નિવારણ અંગે રસપ્રદ માહિતી આપી હતી.

સર સી.વી. રામન રોટેટીંગ ટ્રોફીમાં નિબંધ સ્પર્ધામાં સરકારી વિજ્ઞાન કોલેજ આહવાડાંગના કાપડીયા તૃપ્તીબેનને ટ્રોફી આપવામાં આવી હતી. નિર્ણાયક તરીકે પ્રો. યોગેશ પટેલ, શ્રીમતી યોગીતા પરમાર, ડૉ. જિજ્ઞાશા ઠુમ્મરે ફરજ બજાવી હતી. આભારવિધિ ડૉ. પી.પી.પ્રજાપતિએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રજાપતિ ડૉ. ચેતન અંબાસણાએ કરેલ હતુ. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. યોગેશભાઈ પટેલે કર્યું હતું.

**ટુંકી મુદતની નિવિદા**

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરના કચેરીના ઉપયોગ માટે જરૂરી સ્ટેશનરી અને ચીજ વસ્તુઓ ખરીદવાની થતી હોય તે માટે વિક્રેતાઓ અને રસ ધરાવતી એજન્સીઓ પાસએતી ભાવો મંગાવવામાં આવે છે.

સ્ટેશનરી અને ચીજ વસ્તિઓનો નમુનો જોવા માટે તથા ભાવપત્રક મેળવવા માટે તા. ૧૩/૩/૨૦૧૮ સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરીની વહીવટી શાખા, બ્લોક નં. ૧૬, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરમાં આ અંગેની ટેન્ડર રૂ. ૧૦૦/- ભરી મેળવવાનું રહેશે.

સંપૂર્ણ રીતે ભરેલા ટેન્ડર તા. ૨૩/૩/૨૦૧૮ સુધીમાં કચેરી સમય દરમિયાન રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલી આપવાનું રહેશે.

સહી/-
નાયબ કમિશનર,
ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૨૮૪૪/૧૭-૧૮